**ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) અંગે જરૂરી** સૂચનાઓ પરિપત્રિત કરવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંકઃ **HFWD/PM/e-file/7/2025/0214/A-1**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૫/૨૦૨૫.

વંચાણે લીધાઃ-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્ર. **HFWD/PM/e-file/7/2025/0214/A-1**

પરિપત્રઃ-

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૫/૦૫/૨૦૨૫ નાં ઠરાવ ક્ર. HFWD/PM/e-file/7/2025/0214/A-1 થી ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતાં ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓ તથા પેન્શનરો, રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તથા આ તમામનાં આશ્રિત કુટુંબીજનોને AB-PMJAY-MAA યોજના હેઠળ ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) નો લાભ આપવામાં આવેલ છે.

૨. આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીઓ પાસે PMJAY યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. આ કાર્ડ ફાળવવાની કામગીરી SHA (STATE HEALTH AGENCY) ને સોંપવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકારનાં અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોનાં કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ નાં નિયમ – (૨.૨) માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓનાં કિસ્સામાં તેઓને લાગુ પડતાં All India Services (Medical Attendance) Rules, 1954 માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતાં હોય તેવાં તેમનાં આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું થાય છે.

૩. ઉપર્યુક્ત વિગતોએ સેવારત ALL INDIA SERVICES (AIS) ના અધિકારીઓ તથા રાજ્ય સરકારનાં અધિકારીઓ, કર્મચારીઓનાં કિસ્સામાં જ્યાં કાર્યરત છે તે કચેરીનાં વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. ALL INDIA SERVICES (AIS) અને રાજ્ય સરકારનાં પેન્શનરનાં કિસ્સામાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી / પેટા તિજોરી કચેરી / પેન્શન ચૂકવણા કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાનાં જિલ્લા તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારી / પેન્શન ચૂકવણા અધિકારી / પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે, જે કચેરીમાંથી નિવૃત થયા હોય તે કચેરીનાં વડાએ આ સાથે સામેલ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. E-KYC કરી શકાય તે હેતુથી કુટુંબનાં દરેક સભ્યનો આધાર નંબર દર્શાવવાનો રહેશે.

૪. ફિક્સ પગારનાં કર્મચારીનાં કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂંક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઇ અધિકારી / કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામુ આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીનાં અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને આવી કાર્યવાહીનાં અંતે સંબંધિત સરકારી અધિકારી/ કર્મચારી, તેને લાગુ પડતા પેન્શનનાં નિયમો મુજબ પેન્શનર ગણાવાપાત્ર ન રહે તેવાં કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીનાં વડાએ SHA (STATE HEALTH AGENCY) ને તે અંગેની તુરત જ જાણ કરવાની રહેશે અને તેના આધારે SHA દ્વારા PMJAY માં ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) નાં લાભાર્થી તરીકેનાં નામમાંથી તેઓ અને તેઓનાં કુટુંબનાં સભ્યોનાં નામો કમી કરવાનાં રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(વી.બી.પઢારીયા)

સંયુક્ત સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

બિડાણ : (પ્રમાણપત્રનો નમૂનો)

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨,સચિવાલય, ગાંધીનગર.

૪. સચિવાલયનાં સર્વે વહીવટી વિભાગો(આપનાં હસ્તકની તમામ કચેરીઓમાં પરિપત્રિત કરવાની વિનંતીસહ)

૫. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

Signature Not Verified
Signed by: V B Padhariya
Joint Secretary
Date: 2025.05.28
16:12:54 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૮. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.

૯. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.

૧૦. સિસ્ટમ મેનેજરશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (પરિપત્ર વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

૧૧. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

૧૨. સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

**Annexure of Circular No.: HFWD/PM/e-file/7/2025/0214/A-1**

**Format of Certificate regarding family details.**

----------------------------------------------------------------------------------------------------

**C E R T I F I C A T E**

This is to certify that :-

- Mr./Ms./Mrs......................................is currently serving / retired as .................................in the office / department of........................... and his/her HRPN No. / P.P.O.No. is .......................
- He / She is in-service / retired officer of the All India Services (AIS) or in-service / retired officer / employee of the Government of Gujarat.
- For the purpose of medical reimbursement, the definition of "family" as per the All India Services (Medical Attendance) Rules, 1954 or the Gujarat State Services (Medical Treatment) Rules, 2015 shall be applicable.
- As per the applicable medical reimbursement rules, the details of the employee / officer / and their dependent family members are as follows:

| No. | Names of Employee/pensioner and their Family Members | Relation | Aadhaar No. | Date of Birth | Age | Remarks (If Any) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

Date:

Place:

(..................................)

Signature/Seal of Head of Office/Department/ Treasury Officer

Round Seal of Office/Department

*Note – Delete which is not applicable.